

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 098
Dt.: 18-12-2025,
Thursday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### બિલ પાસ થતા જ વિપક્ષે ગૃહમાંથી વોકઆઉટ કર્યું

# લોકસભામાં પરમાણુ ઉર્જા SHANTI બિલ પસાર થયું

### જો આ બિલ કાયદો બનશે તો ખાનગી કંપનીઓ માટે ભારતના પરમાણુ ઊર્જા ક્ષેત્રમાં પ્રવેશી શકશેઃ આ ઐતિહાસિક બિલને રાજ્યસભામાં રજૂ કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી આજે(૧૭ ડિસેમ્બર) લોકસભામાં પરમાણુ ઉર્જા SHANTI બિલ પસાર થયું છે. વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આજે લોકસભામાં સસ્ટેનેબલ હાર્નેસિંગ એન્ડ એડવાન્સમેન્ટ ઓફ ન્યુક્લિયર એનર્જી ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા(SHANTI) બિલ, ૨૦૨૫ રજૂ કર્યું હતું. બિલ પાસ થતા જ વિપક્ષે ગૃહમાંથી વોકઆઉટ કર્યું હતું. જોકે, હવે આ ઐતિહાસિક બિલને રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે. આ અગાઉ કેન્દ્ર સરકારે આ બિલને મંજૂરી આપી હતી.

જો આ બિલ કાયદો બનશે તો ખાનગી કંપનીઓ માટે ભારતના પરમાણુ ઊર્જા ક્ષેત્રમાં પ્રવેશી શકશે. આ બિલ ૧૯૬૨ના પરમાણુ ઊર્જા કાયદા પછીનો સૌથી મોટો સુધારો સાબિત થશે. ૬૩ વર્ષ જૂના રાજ્યના એકાધિકારને તોડીને હવે ખાનગી કંપનીઓને પરમાણુ ઊર્જા ઉત્પાદનમાં ભાગીદારી મળશે. જોકે, સરકારી એજન્સીઓ સુરક્ષા અને સંચાલનનું નિયંત્રણ સંભાળશે, પરંતુ ખાનગી કંપનીઓ મૂડી, જમીન અને ટૅક્નોલૉજી લાવશે. આ પગલું દેશના આબોહવા લક્ષ્યોને પૂર્ણ કરવા અને ૨૦૪૭ સુધીમાં ૧૦૦ ગીગાવોટ પરમાણુ ઊર્જા ક્ષમતા હાંસલ કરવા માટે અનિવાર્ય છે.

આઝાદી પછી ભારતમાં પરમાણુ ક્ષેત્ર એક કિલ્લાની જેમ બંધ હતું. માત્ર પરમાણુ ઊર્જા વિભાગ(DAE) અને સરકારી ન્યુક્લિયર પાવર કોર્પોરેશન (NPCIL) જ તેનું સંચાલન કરતા હતા. ૧૯૬૨ના કાયદામાં સ્પષ્ટ લખ્યું હતું કે ખાનગી કંપનીઓ કે રાજ્ય સરકારો પરમાણુ પ્લાન્ટ ચલાવી શકશે નહીં. પરિણામે, અત્યાર સુધીમાં માત્ર ૮ GW ક્ષમતાના સરકારી પ્લાન્ટ્સ જ બન્યા છે, જે દેશની કુલ વીજળીનો માત્ર ૩% છે.

આ બિલ જૂના કાયદાઓ-૧૯૬૨નો Atomic Energy Act અને ૨૦૧૦નો Civil Liability for Nuclear Damage Actમાં સંશોધન કરીને ખાનગી પ્રવેશનો માર્ગ ખોલશે. કંપનીની વ્યાખ્યા બદલીને Companies Act, 2013 હેઠળ રજિસ્ટર્ડ કોઈપણ ફર્મને લાઈસન્સ મળી શકશે.

ખાનગી કંપનીઓ જમીન, પાણી, મૂડી અને ટૅક્નોલૉજીમાં રોકાણ કરશે. તેઓ ઉત્પાદિત વીજળીના માલિક બનશે, એટલે કે વેચીને નફો કમાઈ શકશે. જ્યારે સરકાર એટલે કે NPCIL અથવા DAE જ રિએક્ટરની ડિઝાઈન, નિર્માણ, સંચાલન અને સંવેદનશીલ સામગ્રી (યુરેનિયમ) સંભાળશે. આ બિલ ફેક્ટરીમાં બનતા સસ્તા, સુરક્ષિત અને ઝડપી સ્મોલ મોડ્યુલર રિએક્ટર(SMR)ના નિર્માણને પ્રોત્સાહન આપશે.

ભારતે ૨૦૪૭ સુધીમાં નેટ-ઝીરો ઉત્સર્જન કરવા માગે છે. પરમાણુ ઊર્જા કોલસો કે સૌર ઊર્જા કરતાં વધુ સ્થિર અને સ્વચ્છ સ્રોત માનવામાં આવે છે. હાલની ૮ ઘ્ઉથી ૧૦૦ ઘ્ઉ સુધી (૧૨ ગણો વધારો) પહોંચવાના લક્ષ્ય માટે રૂ.૧૫-૧૯ લાખ કરોડ(૨૧૪ અબજ ડૉલર)ની જંગી મૂડીની જરૂર પડશે, જે એકલા સરકારી સંગઠન NPCIL માટે સંભાળવી અશક્ય છે. સૌર અને પવન ઊર્જામાં PPP(પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ) મોડેલની સફળતાને ધ્યાનમાં રાખીને, પરમાણુ ક્ષેત્રમાં પણ આ જ મોડેલ અપનાવવામાં આવશે. ખાનગી ક્ષેત્રના પ્રવેશથી પરમાણુ ઊર્જા ક્ષેત્રમાં નવીનતા વધશે તેમાં કોઈ શંકા નથી, પરંતુ સાથે જ કેટલાક મહત્ત્વના પડકારો પણ છે. સૌથી મોટો પડકાર જવાબદારી(લાયબિલિટી) કાયદાનો છે. હાલમાં, ૨૦૧૦નો સિવિલ લાયબિલિટી ફોર ન્યુક્લિયર ડેમેજ એક્ટ (CLND Act) ઉપકરણોના સપ્લાયરો પર ભારે જવાબદારી નાખે છે. SHANTI બિલમાં થનારા સુધારાથી આ જોગવાઈ હળવી થઈ શકે છે, જે અમેરિકન GE-Hitachi SMRs જેવી વિદેશી ટૅક્નોલૉજીને ભારતમાં આકર્ષવા માટે જરૂરી છે. આ ઉપરાંત, હાઈબ્રિડ મોડેલ(ખાનગી અને સરકારી ભાગીદારી)માં નિયમન અને સલામતી જાળવવી પડકારરૂપ રહેશે, જોકે સલામતી IAEA (આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી)ના ધોરણો પર આધારિત હશે. વિવાદોના ઝડપી નિરાકરણ માટે એક નવું ન્યુક્લિયર ટ્રિબ્યુનલ મંજૂર કરવામાં આવ્યું છે. જોકે, ઉદ્યોગ જગતનું સ્પષ્ટ માનવું છે કે જો લાયબિલિટીના નિયમો પૂરતા સ્પષ્ટ નહીં થાય તો વૈશ્વિક ખેલાડીઓ ભારતીય બજારમાં રોકાણ કરવામાં ખચકાશે. નાણાં મંત્રી નિર્મલા સીતારમણે ફેબ્રુઆરીમાં પોતાના બજેટ ભાષણમાં જ આ ક્ષેત્રને ખાનગી કંપનીઓ માટે ખોલવાની યોજનાની જાહેરાત કરી હતી. તેમણે એક ન્યુક્લિયર એનર્જી મિશનની પણ જાહેરાત કરી હતી, જેના હેઠળ નાના મોડ્યુલર રિએક્ટર(SMRs) પર સંશોધન અને વિકાસ(R&D) માટે રૂ. ૨૦,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. વળી, ૨૦૩૩ સુધીમાં ૫ સ્વદેશી જીસ્ઈજ શરુ કરવાની યોજના છે.

### ઈથિયોપિયાની સંસદમાં પીએમ મોદીનું સંબોધન

## લોકતંત્રના મંદિરમાં સ્વાગત મારા માટે સન્માનની વાત

### ભારત અને ઈથોપિયા એક સરખો સાંસ્કૃતિક વારસો ધરાવે છે : બંને દેશો વચ્ચેની મિત્રતા ખૂબ જૂની છે : મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈથોપિયા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઈથોપિયાની મુલાકાતે પહોંચ્યા છે. ગઈકાલે મંગળવારે, ઈથોપિયાના વડાપ્રધાન અબીય અહેમદ અલીએ તેમને દેશના સર્વોચ્ચ સન્માન ધ ગ્રેટ ઓનર ઓફ ઈથોપિયા આપ્યું હતું. ત્યારે આજે બુધવારે, વડાપ્રધાન મોદીએ ઈથોપિયાની સંસદને સંબોધિત કરી હતી.

આ દરમિયાન તેમણે કહ્યું કે, "મારા માટે ગર્વની વાત છે. આ મારું સન્માન નથી, પરંતુ દેશનું સન્માન છે." પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, "લોકશાહીના મંદિરમાં આવવું મારા માટે સન્માનની વાત છે."



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અદીસ અબાબામાં ઈથોપિયાની સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું હતું. સત્ર દરમિયાન, તેમણે કહ્યું કે, "આજે તમારી સમક્ષ ઉભા રહેવું મારા માટે ખૂબ જ સન્માન અને સૌભાગ્યની વાત છે. હું ઈથોપિયામાં આવીને ખૂબ જ ખુશ છું, જે સિંહોની ભૂમિ તરીકે ઓળખાય છે. હું અહીં ઘર જેવું અનુભવું છું, કારણ કે ભારતમાં મારું વતન ગુજરાત સિંહોની ભૂમિ તરીકે પણ ઓળખાય છે." પીએમ મોદીએ કહ્યું કે, ભારતનું રાષ્ટ્રીય ગીત, વંદે માતરમ અને ઈથોપિયાનું રાષ્ટ્રગીત બંને આપણી ભૂમિને માતા તરીકે સંબોધે છે. તેઓ આપણને આપણા વારસા, સંસ્કૃતિ અને સુંદરતા પર ગર્વ કરવાનું શીખવે છે અને આપણી માતૃભૂમિનું રક્ષણ કરવા પ્રેરણા આપે છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, તેઓ ઈથોપિયન સંસદ, તેના લોકો અને દેશની લોકશાહી યાત્રા પ્રત્યે ઊંડા આદર સાથે આવ્યા છે, અને ભારતના ૧૪૦ કરોડ લોકો વતી મિત્રતા, સંવાદિતા અને ભાઈચારોનો સંદેશ આપે છે.

તેમણે વધુમાં કહ્યું કે, આ ઈમારતમાં કાયદા બનાવવામાં આવે છે, જ્યાં લોકોની ઈચ્છા રાજ્યની ઈચ્છા બને છે, અને જ્યારે રાજ્યની ઈચ્છા લોકોની ઈચ્છા સાથે મેળ ખાય છે, ત્યારે જ વિકાસનું વાહન આગળ વધે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આ પ્લેટફોર્મ દ્વારા, તેઓ ખેતરોમાં કામ કરતા ખેડૂતો, નવા વિચારો વિકસાવતા ઉદ્યોગસાહસિકો, મહિલાઓનું નેતૃત્વ કરતા સમુદાયો અને દેશના ભવિષ્યને આકાર આપતા ઈથોપિયાના યુવાનો સાથે વાતચીત કરી રહ્યા છે.

પ્રધાનમંત્રીએ એમ પણ કહ્યું કે, ગઈકાલે તેમને ઈથોપિયાનું સર્વોચ્ચ સન્માન, ધ ગ્રેટ ઓનર ઓફ ઈથોપિયા એનાયત કરવામાં આવ્યું હતું, જેને તેઓ ભારતના લોકો વતી હાથ જોડીને સ્વીકારે છે.

### તિરસ્કારની કાર્યવાહીની માગણી કરતી અરજી પર DGCAને કોર્ટની નોટિસ

## ઈન્ડિગો ફિયાસ્કોઃ ટિકિટના ચાર ગણા વળતર માટે PIL કરાઈ

### મુસાફરોને થયેલા નુકસાન અને તકલીફ માટે ઈન્ડિગો સામે ગ્રાહક સુરક્ષા કાયદાની જોગવાઈઓ અનુસાર ક્લાસ એક્શન દાવો શરૂ કરવાની પણ રજૂઆત કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોની સંચાલકીય કટોકટી દરમિયાન ટિકિટ રદ થઈ હોય તેવા મુસાફરોને સંપૂર્ણ ટિકિટની કિંમતના ચાર ગણાં વળતરની માગણી કરતી દિલ્હી કોર્ટમાં એક જાહેર હિત(PIL)ની અરજી દાખલ કરાઈ છે. ફ્લાઈટ ડ્યૂટી ટાઈમના નવા નિયમો પછી નવેમ્બર અને ડિસેમ્બર દરમિયાન પ્રભાવિત થયેલા તમામ મુસાફરોને આ વળતર ચુકવવામાં એવો તેવો કેન્દ્ર અને ઈન્ડિગોને આદેશ આપવામાં આવે તેવી આ અરજીમાં માગણી કરાઈ છે.આ અરજી અંગે હાઈકોર્ટમાં બુધવારે સુનાવણી થશે. તેમાં કટોકટી સર્જવામાં DGCAની બેદરકારી અને ભૂલોની નિવૃત્ત



ન્યાયાધીશ અથવા લોકપાલ દ્વારા તપાસની પણ માંગ કરાઈ છે. મુસાફરોને થયેલા નુકસાન અને તકલીફ માટે ઈન્ડિગો સામે ગ્રાહક સુરક્ષા કાયદાની જોગવાઈઓ અનુસાર ક્લાસ એક્શન દાવો શરૂ કરવાની પણ રજૂઆત કરાઈ છે.સેન્ટર ફોર એકાઉન્ટેબિલિટી એન્ડ સિસ્ટમેટિક ચેન્જ (CASC)ના પ્રમુખ પ્રોફેસર વિક્રમ સિંહની અરજીમાં જણાવાયું છે કે ઈન્ડિગોના ફિયાસ્કોને લીધે છેલ્લી ઘડીએ હજારો ફ્લાઈટ્સ રદ થવાને કારણે ફસાયેલા મુસાફરોને ભારે અસુવિધાનો સામનો કરવો પડ્યો છે.દિલ્હી હાઈકોર્ટને મંજૂર કરેલા ફ્લાઈટ ડ્યૂટીને મર્યાદિત કરતા નવા નિયમોનો સંપૂર્ણ અમલ ન કરવા બદલ ઈન્ડિયન પાયલટ્સ ગીલ્ડે દાખલ કરેલી અરજી પર કોર્ટે નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA)ને નોટિસ આપીને તેનો જવાબ માગ્યો છે. પાયલટ્સના સંગઠનને જણાવ્યું છે કે નાગરિક ઉડ્ડયન જરૂરિયાત (CAR) 2024 ળેમવર્કનું ઉલ્લંઘન કરી પાઈલટ થાક વ્યવસ્થાપન નિયમોમાં એરલાઈન્સને છૂટછાટ અપાઈ હતી અને તેનાથી સુરક્ષા સામે પણ બાંધછોડ કરાઈ હતી. આ અરજી અંગે વધુ સુનાવણી 17 એપ્રિલે થશે.

### ભારતીય જનતા પાર્ટી ભારતની સૌથી અમીર રાજકીય પાર્ટી

## ૨૦૧૪માં કેન્દ્ર સરકાર બનાવ્યા બાદ ભાજપની આવકમાં વધારો

### તાજેતરના ખુલાસા દર્શાવે છે કે, ૨૦૨૩-૨૪માં ભાજપની આવક વધીને લગભગ ૪,૩૪૦ કરોડ રૂપિયા થઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી ૨૦૧૪પહેલા અને પછી ભારતીય જનતા પાર્ટીની નાણાકીય સફર ભારતીય રાજકીય ફન્ડિંગમાં સૌથી મોટા ફેરફારમાંથી એક દર્શાવે છે. સામાન્ય સંસાધનો ધરાવતા અનેક રાષ્ટ્રીય પક્ષોમાંથી એક હોવાથી ભારતીય જનતા પાર્ટી માત્ર એક દાયકામાં ભારતની સૌથી અમીર રાજકીય પાર્ટી બની ગઈ છે. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અને સત્તાવાર આવકના ખુલાસા સ્પષ્ટપણે દર્શાવે છે કે, ૨૦૧૪માં કેન્દ્રમાં સત્તામાં આવ્યા પછી પાર્ટીની આવક અને સંપત્તિમાં કેટલી ઝડપથી વધારો જોવા મળ્યો.

૨૦૧૪ની લોકસભા ચૂંટણી પહેલા ભાજપની નાણાકીય તાકાત બહુ મજબૂત નહોતી. નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં પાર્ટીએ લગભગ ૬૭૪ કરોડ રૂપિયાની કુલ આવક જાહેર કરી હતી. આ સમયગાળા દરમિયાન ભાજપની કુલ સંપત્તિ આશરે ૭૮૧ કરોડ રૂપિયા હતી. તે સમયે ભાજપ અને કોંગ્રેસ જેવી અન્ય રાષ્ટ્રીય પાર્ટીઓ વચ્ચેનો નાણાકીય તફાવત આજ કરતા ઘણો ઓછો હતો.૨૦૧૪માં કેન્દ્ર સરકાર બનાવ્યા બાદ ભાજપની આવકમાં સતત ઝડપથી વધારો જોવા મળ્યો. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ સુધીમાં પાર્ટીની જાહેર કરેલી આવક લગભગ ૨,૩૬૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ હતી. આ ૨૦૧૪ પહેલાની આવકની તુલનામાં ૨૫૦ ટકાથી વધુનો વધારો હતો. ભાજપની આવકમાં સૌથી મોટો ઉછાળો ચૂંટણી વર્ષો દરમિયાન આવે છે. ૨૦૧૯-૨૦ નાણાકીય વર્ષમાં પાર્ટીએ તેમની અત્યાર સુધીની સૌથી વધુ આવક ૩,૬૨૩ કરોડ રૂપિયા જણાવી હતી. તાજેતરના ખુલાસા દર્શાવે છે કે, ૨૦૨૩-૨૪માં ભાજપની આવક વધીને લગભગ ૪,૩૪૦ કરોડ રૂપિયા થઈ ગઈ છે. આવકમાં વધારા સાથે-સાથે કુલ સંપત્તિમાં પણ વધુ ઝડપી વધારો જોવા મળ્યો છે. ૨૦૧૩-૧૪માં આશરે ૭૮૧ કરોડ રૂપિયાની સંપત્તિથી ભાજપની કુલ સંપત્તિ ૨૦૨૨-૨૩ સુધીમાં વધીને ૭,૦૫૨ કરોડ રૂપિયાથી વધુ થઈ ગઈ છે. આ લગભગ નવ ગણો વધારો દર્શાવે છે કે, પાર્ટી સતત પોતાની કમાણીથી ઓછો ખર્ચ કર્યો છે, જેના પરિણામે વર્ષ-દર-વર્ષ મોટી સરપ્લસ એકઠી થઈ રહી છે. ૨૦૧૩-૧૪ અને આગામી ૧૧ વર્ષ વચ્ચેની સરખામણી એક વાત સ્પષ્ટ થાય છે કે ભાજપનો રાજકીય સત્તામાં આવવાથી આ એક નાણાકીય પાવરહાઉસમાં પણ બની ચૂકી છે. ૨૫૦%થી ૪૦૦%થી વધુ ઈનકમ ગ્રોથ અને ૭,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ સાથે પાર્ટી ભારતમાં રાજકીય ફન્ડિંગમાં બદલાવ દર્શાવ્યો છે.

## મણિપુરમાં ભારતથી આઝાદીની વાત કરનાર પર EDના દરોડા

(સંપૂર્ણ સમાચાર સેવા)મણિપુર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ની ઈમ્ફાલ સબ-ઝોનલ ટીમે, યામ્બેમ બિરેન અને નારંગબમ સમરજિતના સ્થાનો પર દરોડા પાડ્યા છે. યામ્બેમ બિરેન પોતાને "મણિપુર સ્ટેટ કાઉન્સિલના મુખ્ય પ્રધાન" કહે છે જ્યારે નારંગબમ સમરજિત પોતાને "વિદેશ અને સંરક્ષણ પ્રધાન" કહેવડાવે છે. ED અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈમ્ફાલમાં કુલ પાંચ સ્થળોએ દરોડા પાડવામાં આવી રહ્યા છે. બંને આરોપીઓ સલાઈ ગ્રુપ ઓફ કંપનીઝ સાથે સંકળાયેલા મુખ્ય વ્યક્તિઓ હોવાનું કહેવાય છે.આ કેસ ૨૦૧૯ માં લંડનમાં યોજાયેલી એક પ્રેસ કોન્ફરન્સ સાથે સંબંધિત છે. આરોપ છે કે, બંનેએ જાહેરમાં મણિપુરને ભારતથી સ્વતંત્ર જાહેર કર્યું હતું. એજન્સીઓનું કહેવું છે કે આરોપીઓ જે પ્રકારે લંડનમાં કાર્યવાહી કરી તે, ભારતીય દંડ સંહિતાની ગંભીર કલમો હેઠળ આવે છે, જેમાં રાજ્ય સામે યુદ્ધ છેડવું, રાજદ્રોહ અને વિવિધ સમુદાયો વચ્ચે નફરત અને દુશ્મનાવટને પેદા કરવામાં પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે.

આ આધારે, NIA અને CBI એ બંને સામે પહેલાથી જ કેસ નોંધ્યા છે. તપાસમાં જાણવા મળ્યું છે કે, આરોપીઓએ ૩૦ મે, ૨૦૦૩ ના રોજ "કડંગબંદ સ્વજલધારા અમલીકરણ સમિતિ" ની રચના કરી હતી, જેનું નામ પાછળથી ૧૦ ઓગસ્ટ, ૨૦૦૮ ના રોજ "સ્માર્ટ સોસાયટી" રાખવામાં આવ્યું હતું. વધુમાં, તેઓએ SALAI FINANCIAL SERVICE (SAFFINS) નામની બીજી એક એન્ટિટીની રચના કરી, જેની રજિસ્ટર્ડ ઓફિસ ઈમ્ફાલમાં હતી. આ એન્ટિટીને બોમ્બે મની લેન્ડર્સ એક્ટ, ૧૯૪૬ (જે મણિપુરમાં લાગુ છે) હેઠળ લાઈસન્સ આપવામાં આવ્યું હતું.




